GJVD070013042026

**<u>ફોજદારી પરચુરણ અરજી નંબર–૯૬/૨૦૨૬ ના કામે આરોપી નં.૧) હરીવદન ગોપાલદાસ કંસારા તથા નં.૨) વૈશાલીબેન હમીશભાઈ કંસારાનાઓની જામીન અરજી તળે હુકમઃ–</u>**

૧. અરજી વંચાણે લીધી. સાંભળ્યા.

૨. આ કામે તા.૨૪.૦૩.૨૦૨૬ ના રોજ આરોપીઓ સામે ઈસ્યુ કરવામાં આવેલ પકડ વોરંટના કામે આરોપી નં.૧ પકડાઈને રજુ થતા તથા આરોપી નં.૨ તેમની સાથે કોર્ટ હાઉસમાં હાજર થતા તેઓને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવેલા છે. તા.૦૧.૦૪.૨૦૨૬ ના રોજ આરોપીઓ તર્ફે વિ .વ.શ્રી એ.એચ.મકરાણીએ હાજર થઈને એવી દલીલ કરેલ છે કે, આ કામે આરોપી હરીવદન ગોપાલદાસ કંસારાના પત્ની વૈશાલીબેન પણ જયુડીશીયલ કસ્ટડીમાં છે અને તેઓ જામીન ઉપર મુકત થશે તો આરોપી હરીવદન સામેના નાની રકમના ચેક રીટર્નના ગુન્હામાં તેઓ નાણાં ભરી દેશે. આ રીતે આરોપીના વિ.વ.શ્રીએ આરોપીઓને જામીન ઉપર મુકત કરવા માટેના કોઈ સંતોષકારક, વાજબી, પુરતા કારણો જણાવેલા નથી.

૩. આ કામે ફરીયાદપક્ષ તર્ફે વિ .વ.શ્રી ડી.બી.શાહે જામીન અરજીનો સખત વિરોધ કરેલ છે અને એવી દલીલ કરેલ છે કે, આ કામે આરોપીઓ સામે આ જ પ્રકારની અનેક ફરીયાદો થયેલ છે. સને–૨૦૧૯ થી આરોપીઓ કોર્ટમાં હાજર રહેલા નથી અને તેઓએ તેમની

સામેના પ્રોસેસની બજવણી થવા દીધેલ નથી અને જેથી આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીથી આરોપીઓ તેમની વર્તણુંક મુજબ ગેરહાજર રહેશે અને કેસ કાર્યવાહી આગળ ચાલવા દેશે નહી તેવી પુરેપુરી શકયતા હોવાથી આરોપીઓની જામીન અરજી નામંજુર કરવા અરજ ગુજારવામાં આવી છે.

૪. ઉભયપક્ષની દલીલો ધ્યાને લીધી. આ કેસનું રેકર્ડ એન્ડ પ્રોસેસીંગ વંચાણે લેતા આરોપીઓ સામેની પ્રોસેસની બજવણી આરોપીઓ યેનકેન પ્રકારે ટાળતા હોવાનુ જણાઈ આવે છે.આ કામે આરોપીઓએ પ્રોસેસમાં બજવણી લાંબા સમય સુધી થવા દીધેલ નથી અને જુદા જુદા સરનામા ઉપર પ્રોસેસ ઈસ્યુ કરી ફરીયાદીને હાથ બીડા આપેલ હોવા છતાં તેની બજવણી ન થાય તે માટેના પુરેપુરા પ્રયાસો આરોપીઓએ કરેલા છે. કેસના રેકર્ડ મુજબ તા.૨૭.૦૮.૨૦૨૧ ના રોજ આરોપીઓને કોર્ટમાં હાજર રહેવા માટે મોબાઈલ નં.૯૮૭૯૫૨૩૬૬૨ ઉપર તા.૨૬.૦૮.૨૦૨૧ ના રોજ કલાક–૧૩–૫૬ ના સુમારે વોટસએપથી સમન્સ મોકલી તથા ફોન ઉપર સમન્સની જાણ કરી, કોર્ટમાં હાજર રહેવા માટે સમજ આપવા છતા આરોપીઓ કોર્ટમાં હાજર રહેલા નથી.

ત્યારબાદ તા.૨૯.૦૬.૨૦૨૨ ના રોજ આંક–૧૫ થી વિ.વ.શ્રી એ.એચ.મકરાણીએ વકીલાતનામુ રજુ કરી આરોપીઓને હાજર રાખેલા છે અને અનુક્રમે આંક–૧૬ તથા આંક–૧૭ થી આરોપીઓનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓ ગુનો કબુલ ન રાખતા સદરહુ કેસ આંક–૦૫ ની સુનવણી તથા ફરીયાદીની ઉલટતપાસ માટે મુકરર કરવામાં આવેલ છે. પરંતુ તા.૦૩.૦૮.૨૦૨૨ ના રોજથી આરોપીઓ ગેરહાજર રહેલા છે અને આરોપીઓએ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ન ચાલે તે માટે

તમામ પુરતા પ્રયાસો કરેલા છે. આરોપીઓએ તેમની સામેના પકડ વોરંટની બજવણી ન થાય તે માટે તમામ તકેદારી રાખેલ છે તેવુ કેસના રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે.

તા.૧૦.૦૧.૨૦૨૪ ના રોજ આરોપીઓ તર્ફે વિ .વ.શ્રી એ.એચ.મકરાણી આંક–૨૦ થી મુકિત રીપોર્ટ રજુ કરેલ , જે આરોપીઓ સામે પકડ વોરંટ ઈસ્યુ થયેલ હોવાના કારણે નામંજુર કરવામાં આવેલ. ત્યારબાદ ઘણી મુદત તારીખોએ આરોપીના વિ.વ.શ્રી હાજર હોવા છતાં તેમણે આરોપીઓને હાજર રખાવેલ નથી અને કેસના કામે થતી ઈન્સાફી કાર્યવાહી ઉપર નજર રાખેલ છે.

૫. ત્યારબાદ તા.૦૫.૦૨.૨૦૨૫ ના રોજ આંક–૨૮ થી આરોપીના વિ.વ.શ્રી એ.એચ.મકરાણીએ મુદત અરજી રજુ કરીને જણાવેલ છે કે સદર કામમાં રૂબરૂ મળીને લેવડ–દેવડની વાટાઘાટો કરવાની હોવાથી મુદત આપવા અરજ છે. આ રીતે વિ.વ.શ્રી મકરાણી ધ્વારા આરોપીઓને હાજર રખાવી વાતચીત કરવા સંદર્ભે સમય માંગેલ હોવા છતાં તા.૨૪.૦૨.૨૦૨૫ સુધી આરોપીઓને હાજર રખાવેલા નથી. તા.૨૪.૦૨.૨૦૨૫ ના રોજ આંક–૩૦ થી આરોપીના વિ.વ.શ્રી એ.એચ.મકરાણીએ નાણાંની વ્યવસ્થા ન થયેલ હોવાનું કારણ દર્શાવીને મુદતની માંગણી કરેલ છે પરંતુ ત્યારપછી પણ આરોપીઓને હાજર રખાવેલા નથી અને ફરીયાદી સાથે કોઈ વાતચીત પણ કરેલ નથી. આ રીતે સમાધાનની વાતચીત કરવાના કારણને આગળ ધરી કેસમાં અનેક મુદતો અને લાંબો સમય મેળવેલ હોવા છતાં સને–૨૦૨૪ થી સને–૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપીઓ હાજર રહેલા નથી અને નાણાંની લેવડ દેવડ બાબતે તેમણે આપેલ લેખિત બાંહેધરી મુજબ કોઈ વાતચીત પણ કરેલ નથી. વધુમાં તેમની સામે પકડ વોરંટ ઈસ્યુ કરી બેંક ઓફ બરોડા સમા, સાવલી બ્રાન્ચ ખાતે મોકલવા છતાં તેની બજવણી આરોપીઓએ થવા દીધેલ નથી. આરોપી નં.૧ સામે બેંક

ઓફ બરોડાના આસીસ્ટન્ટ મેનેજરના હોદ્દા ઉપર તેમની હેડ બ્રાન્ચ, માંડવી ખાતે પકડ વોરંટ ઈસ્યુ કરવા છતાં આરોપીએ વોરંટની બજવણી થવા દીધેલ નથી, ત્યારબાદ પી.આઈ.શ્રી ડભોઈને યાદી સાથે પકડ વોરંટ મોકલી આપવુ પડેલ છે અને મુદ્દામ માણસ મારફતે આરોપી સામેના પકડ વોરંટની બજવણી કરવા સારૂ બેંક ઓફ બરોડાના રીઝીઓનલ મેનેજરનો સંપર્ક કરી , વોરંટની સકારાત્મક બજવણી કરાવવા સખત સુચના આપ્યા બાદ આરોપી નં.૧ પકડ વોરંટના આધારે અત્રેની અદાલત સમક્ષ પકડાઈને હાજર થયેલ છે. તેમની સાથે આરોપી નં.૨ કોર્ટ હાઉસમાં હાજર થતા તેમની સામેના ઈસ્યુ થયેલા પકડ વોરંટને ધ્યાનમાં લઈ આરોપી નં.૨ ને પણ જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવેલ છે. આ રીતે આરોપીનં.૧ એ તેની સામે દાખલ થયેલા ૧૦ થી વધુ ચેક રીટર્નના કેસમાં પ્રોસેસની બજવણી ચેનકેન પ્રકારે ટાળીને શકય તેટલા તમામ પ્રયાસો કરેલા છે. તેવી જ રીતે આરોપી નં.૨ નાએ પણ તેમની સામેના વોરંટની બજવણી થવા દીધેલ નથી અને કેસની રજેરજની માહીતી પોતાના વ.શ્રી મારફતે મેળવતા રહેલા છે. આ રીતે આરોપીઓની સમગ્ર વર્તણુંક ધ્યાને લેતા આરોપીઓએ સને – ૨૦૧૯ થી આ કેસની ઈન્સાફી કાર્યવાહીમાં પ્રોસેસની બજવણી ટાળવા માટે તમામ પ્રયત્નો કરીને ન્યાયતંત્ર તથા પોલીસ તંત્રની હાંસી ઉડાવેલ છે. આરોપીઓની આવી વર્તણુંકના કારણે આ કેસની ઈન્સાફી કાર્યવાહીનો એક પણ તબકકો આગળ ચાલી શકેલ નથી. નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર હાઈકોર્ટ ધ્વારા ચેક રીટર્નના કેસ ઝડપથી પુર્ણ કરવા માટે વારંવાર જુદી જુદી ગાઈડ લાઈન પુરી પાડવામાં આવેલ છે પરંતુ તે ગાઈડ લાઈનનું પાલન ન થાય તે માટે આરોપી કેવા પ્રયત્નો કરે છે તે દર્શાવતુ આ એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડે તેવો કેસ છે. સને–૨૦૧૯ થી સને ૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપીઓ એક પણ વખત કોર્ટમાં હાજર રહેલા નથી અને

તેમ કરીને તેણે પોતાનો ઈરાદો સ્પષ્ટપણે વ્યકત કરેલ છે. આ સંજોગોમાં આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવે તો આરોપીઓ ફરીથી આ કેસની ઈન્સાફી કાર્યવાહીને ખોરંભે જવા માટેના તમામ પ્રયત્નો કરશે અને પોતે ડ્રાઈવર સીટ ઉપર બેસી કેસની કાર્યવાહી આગળ નહી વધવા દે તેવી પુરેપુરી શકયતા નકારી શકાય તેમ નથી. આરોપી નં.૧ સરકારી કર્મચારી હોવા છતાં તથા આરોપી નં.૨ સ્ત્રી ઈસમ હોવા છતાં તેમણે કાયદાનો તથા કોર્ટ કાર્યવાહી તથા પોલીસ તંત્રની હાંસી ઉડાવેલ છે જે વર્તણુંકની ગંભીરતાપુર્વક નોંધ લઈને આરોપીઓના વિ.વ.શ્રીએ આરોપીઓને જામીન ઉપર મુકત કરવા માટે એક પણ વાજબી, સંતોષકારક કારણ જણાવેલ નથી. આ સંજોગોમાં આરોપીઓની જામીન અરજી મંજુર કરવાને પાત્ર નથી તેવા તારણ ઉપર અત્રેની અદાલત આવેલ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

આથી, આરોપી નં.૧) **હરીવદન ગોપાલદાસ કંસારા તથા નં.૨) વૈશાલીબેન હમીશભાઈ કંસારા**ની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

**હુકમ** આજ તારીખ **૦૨** મી માહે **એપ્રિલ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ડભોઈ.
તા.૦૨/૦૪/૨૦૨૬

**(શ્રીમતી નીતા અજયકુમાર ચોક્સી)**
એડીશ્નલ ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, ડભોઈ.
જીજે ૦૦૮૪૩

જે.વી.કેસરિયા પી.એ.